વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું ‘સેવા’નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ-૪૦:અંક-૧૨-૧૩ ✻ આદ્યતંત્રી: સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી: નમ્રતા બાલી ✻ પ્રકાશન: જુલાઈ-૨૨, ઑગસ્ટ-૯, ૨૦૨૨

**<u>સેવા સમાચાર:</u>**

# સ્વચ્છ આકાશ તરફનું એક ડગલું.... ‘સૂર્યા’

તા. ૨૭ જૂન ૨૦૨૨ના રોજ ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાનું ધોકાવાડા ગામ જ્યાં ‘સેવા’ અને યુનાઈટેડ નેશન એન્વાયરમેન્ટ પ્રોગ્રામ, રીન્યુ પાવર, નેચરલ રિસોર્સ ડિફેન્સ કાઈન્સીલ, UN, IFC જેવી સંસ્થાનો પહેલીવાર ત્રિવેણી સંગમ થયો, જેનાથી ‘સૂર્યા’ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.

આજના ‘‘સુર્યા’’ની શરૂઆત ‘સેવા’ માટે તેનું અતિ મહત્વ છે. સુર્યા એટલે કે સૂર્ય – સુરજની શક્તિને બહેનોના વિકાસમાં વાપરવી (feminising the power of Sun). દુનિયા આખી ઝઝૂમી રહી છે, પૃથ્વીનું તાપમાન ૨ થી વધારે વધે નહિ તેના માટે મથી રહ્યાં છે. ત્યારે આવી લાખો શ્રમજીવી કામદાર બહેનો શહેર અને ગામની સંગઠિત થઈ, તેમની ભલે નાની પણ કાર્બન ફૂટપ્રિન્ટ ઓછી કરવાનો સંકલ્પ કર્યો છે. ભલે નાની ફૂટપ્રિન્ટ હોય પણ બધા સભ્યોની ભેગી મળી આ દેશને ૨૦૩૦ સુધીમાં જે ચોખ્ખી ઉર્જા તરફ વળવું છે તેમાં મોટું યોગદાન હશે.



રણમાં મીઠું કેવી રીતે પકવે છે તેની સમજ આપતાં અગરિયા મુમતાઝબહેન

પાટણ જિલ્લો અગાઉ બનાસકાંઠા તરીકે ઓળખાતો. આ રણકાંઠાના વિસ્તારમાં બહેનો પરંપરાગત ભરતકામ કરતી. આ કારીગરીને દ્રશ્યમાન કરી તેને રોજગારીના સ્ત્રોત તરીકે ઊભુ કરવાનું કામ સંગઠન મારફત કર્યુ, ત્યારે કામ કરતાં જોયું કે, બહેનો અમુક સમયે ગામમાં દેખાતા જ બંધ થઈ જાય, ત્યારે પૂછતાં ખબર પડી કે, તેઓ રોજગારી મેળવવા રણમાં મીઠું પકવવા જતાં હોય છે. રણમાં જઈને જોયું કે, બહેનો અહી ૮થી ૯ મહિના હંગામી કાચું નિવાસસ્થાન ઊભું કરે છે. ધોમધખતાં તાપમાં જમીનમાં કુઈ ખોદી પાટા બનાવે છે. આ કુઈ દ્વારા જમીન માંથી ડીઝલપંપ વડે ખારું પાણી બહાર ખેંચી પાટામાં ભરે છે. આ પાણી કાઢવા માટે ડીઝલ ખર્ચ ઘણો થતો. આ ડીઝલ લેવા શહેરમાં આવવું પડે. બધું મળી સમય, લાવવાનો ખર્ચ અને ડીઝલ વપરાશની કિંમત ચુકવતા તેમને મીઠાં ઉત્પાદનમાંથી બળબળતા તડકામાં મહેનત કરે પરંતુ, ઝાઝું વળતર મળે નહીં. આથી સંગઠન દ્વારા અગરિયા બહેનોને ગરીબીના વિષચક્રમાંથી બહાર લાવવા, આના ઉકેલ માટે સોલારપંપ વિષે બહેનોને જણાવ્યું. બહેનો નવી વસ્તુ અપનાવે તે પહેલા આજીવિકા સાથે ચેડાં કરવાં પોષાય નહીં. આથી શરૂઆતમાં ૧૦ સૂર્યસંચાલિત પંપથી આરંભ કર્યો... આ અખતરાનો બહેનોએ સ્વઅનુભવ કર્યો તેને બધાંએ જાણ્યો અને જોયો. ખરેખર સૂર્યઉર્જાના વપરાશથી ડીઝલ ખર્ચમાં ૫૦ ટકાનો ઘટાડો થયો. વળી, રણમાં ઘોંઘાટ ઘટ્યો. ડીઝલના ધુમાડાથી હવા દુષિત થતી તેમાં સુધારો થયો. ડીઝલની વાસમાંથી છુટકારો મળ્યો. રણમાં રહેતા પરિવાર, પશુ, પંખીઓ રાહત અનુભવતા. એક વાર સાધન વસાવ્યું પછી વારે ઘડીએ બીજી ઝંઝટ નહીં...

એટલે જ જયારે વિશ્વભરમાં હાલ ખુબ જ અસલામતી, અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે ત્યારે સુર્યા જેવા કાર્યક્રમો(feminising solar energy)ના આયોજન મહત્વના છે.

ખાસ આગ્રહપૂર્વકના બે સંદેશા છે કે : સુર્યા હેઠળ તાલીમ લઇ તૈયાર થયેલ 'સેવા'ની યુવા હરિયાળી ટેકનિશિયનો 'સેવા'ના 'સ્વચ્છ આકાશ'ના સંકલ્પને સાર્થક કરશે. આ હરિયાળી ટેકનિશિયનો ઘેર ઘેર મેઈન્ટેનન્સ, રીપેર....... વિગેરે સેવાઓ પૂરી પાડશે. બીજો સંદેશો છે કે ''સ્વચ્છ આકાશ''નું કામ કે ઝૂંબેશ ગ્રાન્ટ વડે નહિ ચલાવીએ, પણ બહેનોને પરવડે તેવી સોંઘી લોન/ ધિરાણના પ્રોડક્ટ તૈયાર થવા જરૂરી છે. આ માટે જ બહેનોનું ''Climate Resilience Fund'' ઉભું થવું જરૂરી છે. સાથે સાથે બહેનોના ઉર્જા એન્ટરપ્રાઈઝીઝ - જ્યાં બહેનો જ ચોખ્ખી ઉર્જા નું ઉત્પાદન પણ કરે, તેનું વિતરણ પણ બહેનો જ કરે, સંચાલન પણ બહેનો દ્વારા જ થાય. આમ દેશમાં યુવા બહેનો માટે હરિયાળા રોજગાર ઊભા થશે!

આ કાર્યક્રમમાં ગામના સભ્ય બહેનો સાથે 'સેવા'ના રીમાબહેન તેમજ મહેમાનો જોડાયા. દીપ પ્રગટાવીને શરૂઆત થઇ.

પાટણ જિલ્લાના સંચાલક મુમતાઝબેને પોતાનો પરિચય આપ્યો અને જણાવ્યું કે, ૩૩ વર્ષથી 'સેવા' સાથે જોડાયેલી છું. પાટણ જિલ્લામાં સોલારનું કામ શરૂ થવા જઇ રહ્યું છે, જેના થકી આપણી શ્રમજીવી બહેનોને રોજગારીની તકો મળી રહે એના માટે આ સધિયારો પ્રયાસ આપણે કરી રહ્યાં છીએ. આપણે ચોક્કસપણે આ કામમાં સફળતા મેળવીશું એવા વિશ્વાસ સાથે આપણે સૌ આગળ વધીશું.

ત્યારબાદ ધોકાવાડા ગામના વતની, એવા ભરતકામદાર સખીબહેન, પોતાના પરંપરાગત ભરતકામ-આભલાં વાળા પોષાકમાં હતા. તેમણે તો સડસડાટ પોતાનો પરિચય આપતાં કહયું કે, મારી મા સેવાની સભ્ય છે, હું પણ 'સેવા'ની સભ્ય છું અને હું સેવાની ત્રીજી પેઢી છું!

મારું ધોકાવાડા ગામ પાકિસ્તાનની સરહદ નજીક આવેલું છે. મારા ગામમાં ૮૦૦ ઘર છે જેમાં, પાંચ હજાર લોકોની વસ્તી છે. ગામમાં બહેનો મોટે ભાગે ખેતીકામ, પશુપાલન, હાથભરત અને મીઠાંકામ સાથે જોડાયેલી છે. પહેલા હું વધારે ભણેલી નહોતી, પણ જ્યારે અમારા ગામમાં 'સેવા' આવી અને અમે સૌ 'સેવા'માં જોડાયા ત્યારે 'સેવા'એ બધી દીકરીઓને ભણાવવા અને આગળ વધારવાનો વિચાર કર્યો અને હવે જે નવી પેઢીની દીકરીઓ છે તે બધી ભણેલી છે. 'સેવા' થકી બહેનોનો ઘણો શક્તિવિકાસ થયો છે ભણીગણીને આગળ વધી છે, પણ ગામમાં આવી ભણેલી દીકરીઓ માટે કોઇ કામ નથી મળતું. અમારા ગામમાં જે સોલારપાર્ક છે એમાં બધા છોકરાઓ જ જાય છે, ગામની કોઇ બહેનોને સોલારની કાંઇ માહિતી કે સમજ નથી એટલા માટે બહેનો સોલારનું કામ નથી કરી શકતી. ગામમાં માટી ઉપાડવાનું મજુરીકામ મળે છે બહેનો એ કામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે.

હવે મને એવું થાય છે કે, ગામમાં સૂર્યાનું કામ ચાલે છે તેમાં અમારા જેવી દીકરીઓને શીખવા મળે તો અમે પણ છોકરાઓની જેમ સોલારનું કામ કરીને પગભર થઇ શકીએ.



**સોલાર કાર્યક્રમની માહિતી આપતાં રીમાબહેન**

મહેમાનોનું સ્વાગત કરતાં રીમાબહેને 'સેવા'નો પરિચય આપતાં જણાવ્યું કે, યુનાઈટેડ નેશન (Environment program)ના વડા અતુલભાઇ અગાઉ ૩ વર્ષ પહેલા અહીં એમ. ઓ. યુ. કરવા આવેલા. ત્યારે રણમાં અગરિયાઓની પરિસ્થિતિ જાણવા ગયા હતા. સાથે વૈશાલીબેન છે જે રીન્યુ પાવરનું ચારણકા ગામ ખાતે સૌથી મોટો સોલર પાર્ક છે ત્યાં એમની કંપનીનાં પણ સોલર પ્લાન્ટ છે. આજે આપણે સૌ સાથે મળીને સૂર્ય ઉર્જા કાર્યક્રમની શરૂઆત કરી રહ્યા છીએ. આપણે સૂર્ય તો કહીએ જ છીએ પણ, એ બહેનોનો સૂર્ય બને, એ માટે આપણે અહીં ભેગા થયા છીએ. આપણે એને 'સૂર્યા' કહીએ છીએ, કારણ કે બહેનો સુરજ સાથે જોડાય છે અને એના દ્વારા રોજગારી ઉભી કરે છે. ૧૦૦૦ બહેનોથી આજે શરૂઆત કરી છે એનાથી આપણે બધાને પુરવાર કરી બતાવીએ છીએ કે, જેમ સખી બેને કહ્યું કે દીકરીઓ પણ ટેકનિશિયન બની શકે છે, અને એ પણ એક ઉજ્જવળ અને નવું ભવિષ્ય બનાવી શકે છે. હજુ આપણે ૪૦ લાખ બહેનો સુધી પહોંચવું છે, આજે તો માત્ર આપણે અહીંયા બીજ રોપ્યું છે પણ, આપણે ભારતના જુદાં જુદાં રાજ્યોમાં પણ આપણી આ જે ભાગીદારી છે યુ. એન.ઈ.પી., રીન્યુ પાવર, 'સેવા', આઈ.એફ.સી. અને એન.આર.ડી.સી. આપણે સાથે મળીને કામ કરીશું તો, એક હજાર નહી પણ લાખો બહેનોને આવી રોજગારી આપી શકીશું અને વાતાવરણમાં જે ફેરફારો થાય છે તેના સામે કેવી રીતે સુરક્ષિત ટકી રહીએ તે માટે 'સૂર્યા'નું કામ શરૂ કરીએ છીએ.

રીન્યુ પાવરના એકસીક્યુટીવ વૈશાલીબહેન સિન્હાએ જણાવ્યું કે, અમારી કંપની સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરવાનું કામ કરે છે. સોલારના કામમાં બહુ ઓછા લોકો જોડાય છે આ બરાબર વાત ના કહેવાય, આપણે આમાં બદલાવ લાવવા માંગીએ છીએ. આજે આપણે અહીયા ભેગા થયા છીએ તેમાં ભાઇઓ અને બહેનો સાથે જ છે, તેમ આપણે ઇચ્છીએ છીએ કે, 'સેવા'નો ઘણો વ્યાપ થયો છે તેમ, આપણા કામમાં પણ બહેનોની ભાગીદારી હોય! ગામના દરેક ઘરમાંથી જે ભાઇઓ આ કામ સાથે જોડાયેલા છે તેઓ પણ બહેનોને સહયોગ આપે, જેથી બહેનો પણ ટેક્નિકલ કામ સાથે જોડાય. ખૂબ જરૂરી છે કે, દરેક કામમાં બહેનોની ભાગીદારી હોય. પુરુષોને ખાસ કહીશ કે, તમે આ વિચારોને વેગ આપજો, જેથી તમારા ઘરની બહેનો-દીકરીઓને આ કામ સાથે જોડાવવાનો ઉત્સાહ વધે. આજે પહેલીવાર આ ગામ મે જોયું છે જ્યાંની વાત તો સાંભળી હતી કે, આ વિસ્તાર સુકો છે જ્યાં ઉનાળાની સિઝનમાં ઘણા લોકો સ્થળાંતર કરતાં હોય છે. આ બધી તકલીફો ના પડે તેનો ઉપાય પણ તમારે જ ઉકેલવાનો છે, જેથી ગામના કોઇ વ્યક્તિને સ્થળાંતર કરવાની જરૂર નહી રહે.

શાળા-કોલૅજમાં અભ્યાસ કરતાં યુવા-યુવતીઓ છે તેમના માટે એક ઉજવળ તક છે, બસ એટલું જ કહીશ કે, 'સેવા'ની

અથાંગ મહેનત છે સૌ કદમથી કદમ મિલાવીને ચાલીશું તો જરૂરથી આપણા કામને સફળતા મળશે, તેવી આશા રાખીએ છીએ.

અતુલભાઇ જેઓ કહે છે કે, ગામના લોકો જે પરંપરાગત રીતે અમારું જે રીતે સ્વાગત કર્યુ તેમજ ''અતિથિદેવો ભવ્'' દ્વારા રીતે ગૌરીબહેનના ઘરમાં રહેવાનું, જમવાનું આરામ કરવાનો મોકો મળ્યો તે મને ખૂબ ગમ્યું.



**સોલાર પેનલ રિપેરીંગની તાલીમ લઇ મહેમાનોને સમજાવતાં અગરિયાબેનની દીકરી મીત્તલબહેન**

ભારત, બાંગ્લાદેશ, ભૂતાન જેવા દેશોમાં ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશનમાં કામ કરતાં વેન્ડીબેન ખાસ આભાર માનતા કહે છે કે, તમે તમારા ઘરોમાં અમારું સ્વાગત કર્યુ, તમારું નૃત્ય, કારીગરી વગેરે જોવા મળ્યું. અગત્યની વાત એ જેમ વૈશાલીબહેને કહયું કે, બાળકોથી આપણે જો એ ગુણ નાખીએ કે ભાઇ હોય કે બેન હોય બધા ટેક્નીકલ કામો કરી શકે છે તો અમારી સંસ્થા દ્વારા મ્યાનમાર, વિયેતનામ જેવા અલગ અલગ દેશોમાં બહેનો વિજળીને લગતાં જે કામો અથવા ઉર્જાને લગતાં કામો હોય એમાં ટેક્નીશીયન પણ બની શકે છે અને જુદાં જુદાં સ્તરે કામ કરે છે. તમારું તો સ્વપ્નુ સિદ્ધ છે કે, રીન્યુ પાવર જેવી કંપની આમ રસ્તો અળંગોને તમારી સાથે અહીયા નજીકમાં કરી રહી છે. અમને આશા છે કે, બહેનો ખરેખર ઉર્જાના ક્ષેત્રમાં પણ આગેવાની લેતી રહે અને આગળ વધતી રહે.

એન.આર.ડી.સી.માંથી આવેલા દીપાબહેને સૌનો આભાર માનતા જણાવ્યું કે, જેમ તમે તમારો પરિચય આપ્યો તેમ, મને પણ મન થાય છે કે, હું પણ મારો પરિચય એવી રીતે જ આપું. ૨૦ વર્ષથી એન.આર.ડી.સી. સાથે કામ કરું છું. તમારા બધાંના પ્રયત્નો રહ્યાં છે અને એક યાત્રારૂપે આપ સૌ આ પ્રવાસમાં સાથે છો તેમાં અમે પણ તમારી સાથે છીએ. આનાથી મોટું સૌભાગ્ય બીજુ કાંઇ ના હોઇ શકે! અમે એક દિવસ માટે નહી કે, એક અઠવાડિયા માટે નહી વર્ષ માટે નહી પણ, વરસો વરસનો સાથ જોડાયેલો છે, અને અમે ઇચ્છીએ છીએ કે, આગળ પણ સાથ કાયમ બન્યો રહે. ૧૦-૧૨ વર્ષ પહેલા સોલારપંપની વાત થઇ હતી, ત્યારે વેન્ડીબેન હતા આઇ.એફ.સી. સંસ્થાએ પણ સૂચન આપ્યું હતું કે, કેવી રીતે ઊર્જા બનાવી શકીએ? ત્યારે અમારી નાનકડું સ્વપ્ન હતું કે, કેવી રીતે આપણી અગરિયા બેનોનું રહેણીકેણી, જીવન અને તેમની આવક કેવી રીતે વધારી શકીએ અને તેમનું કામ કઇ રીતે સારું થઇ શકે અને સૌથી મોટી વાત એ કે, આપણું વાતાવરણ કેવી રીતે સુંદર બની શકે? આ કામમાં જ્યાં ડીઝલની જરૂરત ના પડે, પંપ બદલી નાખવા પડે. આજે આનંદની વાત એ છે કે, ઘણી જગ્યાએ પંપ બદલી નાખ્યા છે અને આપણે આગળ વધી રહ્યાં છીએ. આપણે બધા અહીયા ચારે બાજુ જોઇ રહ્યાં છીએ કે, સોલાર ઊર્જાનો કેટલો મોટો પ્રયોગ થઇ

રહ્યો છે. એમાં આંતરરાષ્ટ્રીયથી લઈને પ્રાઈવેટ સેક્ટર, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, રેન્યુ પાવર જેવી સંસ્થા અને આટલી મોટી સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા અને એનવાયરમેન્ટ પ્રોગ્રામ જે પર્યાવરણની જાળવણી માટેનો ખાસ કાર્યક્રમ છે જેમાં સૌ જોડાઇ ગયા છીએ, તો આનાથી મોટી વાત બીજી કઇ હોઇ શકે? કે, જ્યારે આ બધા મળીને બહેનોની શક્તિ સાથે જોડાઈ જશે ત્યારે સુરજની શક્તિને આપણે ઘણી આગળ લઈ જઇશું. જેમ રીમાબહેને કહ્યું તેમ આ સૂર્યા કાર્યક્રમ છે તો આ કાર્યક્રમથી બધી જગ્યાએ ઊર્જા ફેલાવશે જેનાથી આપણા સૌમાં શક્તિ આવશે. આ બધી ઊર્જા એક સાથે મળી જશે તો આખા ભારત દેશને પ્રકાશમાન બનાવશે, અને આખા વિશ્વને પ્રકાશમાન કરશે, આવી મારી આશા છે અને શુભકામના પણ.

ધાંગધ્રા તાલુકાના કુડા ગામના અગરિયાની દીકરી મંગુબહેન કહે, અમે મીઠું પકવવાનું કામ કરીએ છીએ, જેમાં પહેલા ડીઝનનો ઉપયોગ કરતાં હતા તેથી અમારે કોઇ જાતની બચત નહોતી થતી તેથી અમે સોલારપંપ લીધો. એમાં રિપેરીગ કરવામાં ઘણી તકલીફ પડતી હતી. ત્યાર પછી અમે 'સેવા'માં જોડાયા અને 'સેવા' દ્વારા અમે ૩૦ બહેનોએ સોલારપંપ રિપેરીગની તાલીમ લીધી. એક બે મહિના અમને જીઆર રિપેરીગનું કામ શીખવવામાં આવ્યું. એ કામમાં ફાવટ આવી ત્યાર બાદ અમે રણમાં સોલારપંપ રિપેરીગની શરૂઆત કરી દીધી. હવે હું મોટરસાયકલ લઇને રિપેરીગ કામ કરવા જાઉં છું દિવસના ૫૦૦થી ૬૦૦ રૂ. કમાઉં છું. પણ એક તકલીફ બહુ પડે છે સોલારમાં પાવર વધુ ઓછો થાય છે ત્યારે મોટર બળી જાય છે માટે મારે સોલારની મોટર રિપેરીગનું કામ શીખવું છે એટલે બન્ને કામ કરી શકું તો વધારે આવક મેળવી શકુ.



**મંગુબહેન, સોલાર પંપ રિપેર કરવાનો પોતાનો અનુભવ જણાવતાં**

હાલમાં અગરિયાઓ સોલાર ઘરે લઈને જાય છે, એ સોલાર માટે અમે અમારા ગામ પાસે સરકારી મંજુરીથી જમીન લીધી છે એમા અમે સોલાર ભેગા કરી એ વિજળી અમે સરકારને આપીશું અને એમાંથી અમે બીજા લોકોને રોજગારી આપીશું જેથી ગામના લોકોને સ્થળાંતર કરવાની જરૂર ના પડે.

'ગીતાંજલી' મંડળીના યામીનીબહેને મંડળીના કામનો પરિચય આપતાં જણાવ્યું કે, શહેરમાં બહેનો રોડ-રસ્તા પરથી કાગળ-કચરો વિણી છે માટે સ્વચ્છતા અભિયાનમાં એમનું યોગદાન ઘણું છે, પણ એની કોઈ જગ્યાએ ગણતરી નથી કરવામાં આવતી. આવી ૩૦ હજાર બહેનો છે તેમને સંગઠીત કરી 'સેવા'એ 'ગીતાંજલી' મંડળી બનાવી છે. વેસ્ટ રિસાયકલર્સ બહેનોની વહુ-દીકરીઓને કાગળ-પસ્તીમાંથી સ્ટેશનરી બનાવવાની તાલીમ આપી તૈયાર કરી છે. આ તાલીમ દ્વારા બહેનો નોટ, પેન, ફોલ્ડર, ફાઈલ, રફપેડ અને બોક્ષ બનાવીને સ્ટેપલ્સ, અદાણી, વિપ્રો, સીસકો,માઈન્ડ ટ્રી, રિલાયન્સ ફાઉન્ડેશન, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને એક્સ્સેન્ચર જેવી કંપનીઓમાં વેચાણ કરે છે. ગીતાંજલી મંડળીનો આ એક નવતર પ્રયોગ છે અને બીજુ કે, અમદાવાદમાં જુદા જુદા વિસ્તારમાં મટીરિયલ રીકવર ફેસીલીટી સેન્ટર કોર્પોરેશન દ્વારા આપવામાં આવ્યા છે, જ્યાં ૧૦૦ જેટલી બહેનો જોડાઈને સુકો અને ભીનો કચરો અલગ પાડીને વેચાણ કરી પોતે રોજગારી મેળવે છે. બહેનો પોતે જ ઉત્પાદન કરતી થઈ છે અને માલિક, મેનેજર બની મેઈનસ્ટ્રીમમાં આવશે. આ પ્રયાસથી બહેનોને 'હરિયાળી રોજગારી' મળશે જે 'સ્વચ્છ આકાશ' તરફ લઈ જશે.

'યુનાઈટેડ નેશન'ના રેસીડન્ટ કોઓડીનેટર શોમ્બી શાર્પે જણાવ્યું કે, આપણી સાથે સંયુક્ત રાષ્ટ્રની ૨૬ જુદી જુદી સંસ્થાઓ જોડાયેલી છે એ બધાનો હું આભાર માનુ છું. હું બીજીવાર ગુજરાત આવ્યો છું પણ, અહી ગામડામાં પહેલીવાર આવ્યો છું. ખાસ હું ગૌરીબહેનનો આભાર માનુ છું કે અમને ''હમ સબ એક હૈ''માં રહેવાની, જમવાની સગવડ આપી તે બદલ.

આપણે સૌ અહી ભેગા મળીને સોલારનું કામ કરી રહ્યાં છીએ તે બહું ઉમદા કામ છે જેમાં, સરકારના પ્રતિનિધિ, 'સેવા' અને પ્રાઈવેટ સેક્ટર પણ છે, એટલે તમે બધા આ કામમાં વ્યાપ વધારીને ખૂબ ઊંડાણમાં જઈ અને ઝડપથી આગળ વધી શકશો. જ્યારે 'સેવા' તમારી સાથે છે જો કે, હું ભણતો હતો ત્યારથી 'સેવા' વિશે સાંભળતો આવ્યો છું. જ્યારે તમે માઈક્રો ફાઈનાન્સની વાત કે મંડળીઓની વાત કરો, ભારત આવ્યો તે પહેલાં હું ક્યાંય પણ જાઉં તો મને 'સેવા'ના દાખલા જોવા મળી આવતાં હતાં. આજે અહી તમને બધાને એટલે 'સેવા'ને પ્રત્યક્ષ મળ્યો છું એટલે મને બરાબર વિશ્વાસ આવ્યો કે, કેમ બધા 'સેવા'ને માને છે. આજે અહી રીન્યુનો પ્લાન્ટ જોયો જે અદભૂત છે. આપણે સૌ સહભાગી થઈને કામ કરીશું તો ચોક્કસથી પર્યાવરણને જાળવણી કરી શકીશું. સૂર્યશક્તિ અને નારીશક્તિ, આ બે નો સમન્વય થાય તો ચોક્કસથી લાંબાગાળે ટકાઉ રોજગારી અને વિકાસ હાંસલ કરી શકીશું.

'સેવા'ના પ્રમુખ કપિલાબહેને પોતાનો પરિચય આપતાં જણાવ્યું કે, ૫૦ વર્ષ થયા 'સેવા'ને ઘણા ઉતાર-ચઢાવ આવ્યા અને બદલાવો પણ આવ્યા છે. ઘણાં ઘરોમાં હજુ પણ અંધારુ છે જ્યાં આજે આ કાર્યક્રમ દ્વારા આપણે સૌ સાથે મળીને એ ઘરોમાં પણ અજવાળું પાથરવાના પ્રયાસો કરી રહ્યાં છીએ. 'સેવા' શ્રમજીવી બહેનો માટે કામ કરે છે જે ગાંધી મૂલ્યોને વળગીને ચાલનારી છે. જ્યારે એ મૂલ્યો અમે પોતે સમજ્યાં તે મૂલ્યોમાં શું વણી લેવામાં આવ્યું છે? ત્યારે ખબર પડી કે, મેં જે સાડલો પહેર્યો છે એ સાડલાથી કેટલાય બેનોના ઘરના ચૂલા સળગે છે અને કેટલાય બાળકોના પોષણ થાય છે, એ હું 'સેવા'માં આવીને સમજી. આજે ધોકાવાડામાં જમુબહેનના ગામથી સોલારનું કામ શરૂ થયું છે તે માત્ર અહી પુરતું નહી રહે એક ગામથી બીજે ગામ ને બીજે ગામથી શહેર, રાજ્ય, દેશ અને દુનિયા સુધી પહોંચવાના મનસુબા 'સેવા'ની બહેનોમાં છે. એટલે 'સેવા'ની બહેનો ક્યાંય પાછા ના પડે એટલી શક્તિ છે. હમણાં રીમાબહેને કહ્યું ને કે, ''સેવા સંગઠન ઝિંદાબાદ'' ૪૦ લાખ હોંકે રહેંગે, તો હું તો કહું છું કે, ૪૦ લાખ નહી પણ ૪૦ કરોડ થઈશું. જેમ, ૫૦ વર્ષની ઉજવણી કરી તેમ ૧૦૦ વર્ષની ઉજવણી પણ કરવાની છે.

અંતમાં કપિલાબહેને સૌનો આભાર મન્યો અને ''અમે પાર કરીશું'' ગીત ગાઈ સૌ છૂટા પડયા.

**- ગોમતી, ભારતી ભાવસાર**

❑

# જળ ભરવા હું તો જમુના તીર ગઈ'તી...

જળવાયુ પરિવર્તનની અસર પ્રકોપ સ્વરૂપે હવે અલગ અલગ સમયે ઋતુઓમાં જોવા મળે છે. છોટાઉદેપુરના ઉચ્છ નદીપટના આ ગામોમાં નદી વહેણ બદલે છે. તેની અસર હંમેશા અનુભવતા આવ્યા છીએ. આ માટે પાણેજ ગામની બહેનો સાથે વાત કરતાં બહેનોએ જણાવ્યું કે, આનો ઉપાય શું? અમે બીજે વસવાટ કરવા મજબૂર બન્યા છીએ. પણ શું આનો કોઈ વૈજ્ઞાનિક ઉકેલ કાઢી શકાય? જેથી આવા પ્રકોપની અસર અમારા ગામોને ઓછી થાય.

અમે પર્યાવરણની રક્ષા માટે વધારે વૃક્ષો વાવીએ છીએ અને પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરીશું, જેથી પાણી જમીનમાં ઉતરે પાણી નીકળવાનો માર્ગ પ્લાસ્ટીકના કચરાથી જામ ન થઈ જાય.

વરસાદનું પાણી ચારેકોર આવી જાય ત્યારે આપણા સભ્યબહેનોની પરિસ્થિતિ કળવી અઘરી છે. તેની વાત આજે આપણે તેમના શબ્દોમાં જ વાંચીએ.

નમસ્તે, મારું નામ કોળી લતાબેન શૈલેષભાઈ છે. હું ચુંધેલીની રહેવાસી છું. મારા ઘરના વાડા પાછળ એક નદી છે. બધા તેને ઉચ્છ નદી કહે છે. વરસાદ આવતાં, પાછળથી નદીનું પાણી અને આગળથી વોચી નામના કોતરડામાંથી પાણી મારા ઘરમાં ઘૂસ્યું. ઘરનો સામાન પડોસના ઘરે તેમના માળીયા ઉપર ચઢાવવા લાગ્યા પણ એટલું બધુ પાણી જોરમાં આવ્યું કે સામાન પકડવું કે પોતાનો જીવ બચાવો. મારા ઘરની દીવાલ પણ કાચી એટલે અમને ઘર પડી જવાની પણ બીક લાગતી હતી. જેવું પાણી આવ્યું તેવું મારા ઘરમાં વેણ પાડી દીધી હતી. સવારે ૧૨-૩૦ પાણી આવેલું રાત્રે ૧૨ વાગ્યા પછી ઓહરી ગયેલું. મારા ઘરમાં મકાઈ, ચોખા, રસોડાનો સામાન, કપડાં, ગોદડા બધું તાઈ ગયું. આખો દિવસ અમે અને ઘરના લોકો ભીના કપડાં પહેરેલા. ઠંડી પણ લાગતી હતી. મારો ૧૧ વર્ષનો છોકરો ઠંડીથી ધ્રુજતો હતો. તેને બીજા બાળકના કપડા પહેરાવીને બાજુના ઘરના માળીયા ઉપર ઉઘાડી દીધો હતો. તે પાણી જોઈને બી ગયેલો. અમે આટલું બધું પાણી નથી જોયું.



ઘર જળબંબાકાર

અમને તો ભુખ, તરસ પણ બંધ થઈ ગયેલી. જેમ દિવસ ડૂબે તેમ પાણી વધે. લાઈટ પણ ન હતી. અંધારામાં ઉભા પગે અમે અમારો જીવ હાચવ્યો છે. ભગવાનને પ્રાર્થના કરતા'તા કે હવે તું તારા રસ્તે જા.

એક અઠવાડીયા સુધી અમે ભુખ્યા રહ્યા હતા અને આજુ-બાજુના ગામોમાંથી જમવાનું બનાવીને આપવા આવતા હતા. આજુ-બાજુના ગામોમાંથી બંબા ભરીને પાણી પીવડાવા માટે આવતા હતા. અમારા ગામમાં નદીનું પાણી અને વોચીનું પાણી આખા ગામની ચારે બાજુમાં વહેતું હતું. અમને કોઈ બચાવા આવી શકે તેમ ન હતું કારણ કે કોઈ રસ્તો નહીં. જ્યારે પાણીથી રસ્તા પણ ખોદી નાખ્યા. રોડ હતો તેને તોડી નાંખ્યો હતો. વાહન પણ સરકી શકે તેમ ન હતું.

અમને તા.૧૦/૦૬/૨૦૨૨થી પાણી આવ્યું હતું. પશુઓ પણ પાણીમાં ડૂબી ગયેલા. એક બીજાની મદદથી અમે અમારો થોડોઘણો સામાન બચાવ્યો અને બાકીનું જવા દીધું.

અમારે તો ઠીક પણ અમારા ગામના બે ફળીયા સામી તાળ અને રાની ફળીયા એમના તો રહેવા માટે ઘર પણ તૂટી ગયા. અનાજ, કપડાં, વાસણ વગેરે તણાઇ ગયું અને લોકો સેતે પોતાનો જીવ બચાવીને ભાગી ગયેલા.

અમારા ગામમાં હવે ખેતીમાં પણ ધોવાણ જેવું થઈ ગયું છે. જેથી કરીને હવે ખેતી પણ શું કરવી? ધોવાણ, ખાડા, કોતરડા થઈ ગયા. આ વર્ષે અમારે રોજગારી કે ખેતીમાં પણ નુકસાની વધારે જોવા મળે છે. બિયારણ ખેડાણ ખર્ચે બાતલ ગયા. હવે નવેસરથી ખેતી કરવી પણ આ સમયે પૈસા ક્યાંથી? ખેતી કેવી રીતે કરવી?

અમે પાણી ઓછું થઈ જાય તે માટે દીવો અને એક કોડીમાં દહીં વેહતુ કર્યું. જે માનતા હોય જળ દેવી માતાની તે પણ કરી હતી. જેથી કરીને પાણી ઓછું થાય, તું તારા રસ્તે જા અમારી ભુલ હોય તો માફ કરજે. આવા બધા ટંચકા પણ કર્યા હતાય અમે અમારે જીવ બચાવવા માટે. પ્રથમ વરસાદે આવો વરસાદ અને એકદમ પાણી આવી જવાથી ચિંતિત હતા.

અમને જે લોકો પશુ માટે અમારા સમાજના જે યુવક મંડળ, કોઈ ભક્તિ મંડળો હોય તે ઘાસ ચારો પણ સેવા માટે દાન કરવા આવતાં હતા અને આજુબાજુના ગામોના સરપંચો પણ મીટિંગ કરીને કીટ વિતરણ કરવા માટે આવે છે. હું 'સેવા'માં એક આગેવાન તરીકે કામ કરું છું. મને મારા 'સેવા'ના બહેનો ફોન દ્વારા સંપર્ક કરતાં રહ્યાં. તેમના સાથ સહકારથી મારી હિંમત વધી. 'સેવા' તરફથી પણ અમને કીટ વિતરણ થઇ છે. જેથી કરીને બહેનોના ઘરમાં જમવાનું બને તેમના કુટુંબ પરિવાર ભોજન શાંતિથી જીવી રહે એ માટે સેવા કરે છે.

પૂર્ણિમાબહેને ધરપત આપી અને મને મારા ગામમાં બહેનોને 'સેવા' તરફથી નવી ખેતી કરવા માટે જે નુકસાન થયેલું તે ખેતીને ફરીથી થાય, માટે ૨૦,૦૦૦/-ની લોન પણ અપાવવા તૈયાર થયા. જેથી સભ્ય બહેનો વરસાદે મારેલા મારમાંથી ઊભી થાય.
જય 'સેવા'
જય 'સેવા બેંક'.

મારું નામ પરમાર ભાવનાબેન પ્રવિણસિંહ છે. મારૂ ગામ ચોરંગલા છે. હું એક આગેવાન બેન છું. મારો અનુભવ કહેવા માગું છું. તા.૧૦/૦૭/૨૨ના રોજ ભારે વરસાદ પડ્યો. મારા ગામની આજુબાજુ મોટું કોતર આવેલું છે. તાડ પૂર પાણી આવ્યું હતું. ત્યારે મારા જ ગામોમાં હું આગેવાન તરીકે કામ કરતી હતી ત્યાં ફોન દ્વારા સંકલન કર્યું અને બધાને સુરક્ષિત જગાએ જવા માટે સલાહ આપી હતી. આ ગામોમાં જવા માટે રસ્તામાં બીજા કોતર આવે છે. બંને બાજુ પાણીમાં અમારું ગામ રહેલું છે. તા.૧૧/૦૭/૨૦૨૨ સવારે ૮ વાગે વરસાદ તો ચાલુ હતો પણ પાણી થોડું ઉતરી ગયું હતું. હું પહેલા પાલોજ ગામમાં ગઇ ત્યારે સભ્ય બેનો મને જોઈને રડવા લાગ્યા. ત્યારે બેનોને વાત કરીને હિંમત આપી, આપણે જીવતાં રહ્યાં તે જ અગત્યનું છે. બાકી બધું ગયેલું વસાવી શકીશું. અહી ૩૦ પશુ મેં મારી આંખે મરેલા જોયા અને ૩૫ પશુ તણાઈ ગયા. મને રડુ આવી ગયું. બેનોની જે વસ્તુ તણાઈ છે, તેની નોંધ રાખવાનું કહ્યું અને જે બચેલી વસ્તુઓ છે તેને સુરક્ષીત રાખવાની સલાહ આપી. હું જે ગામમાં હતી ત્યારે ધારાસભ્યો આવ્યા હતા. ત્યારબાદ હું ચુંધેલી ગામમાં ગઈ. ગામ સુધી પહોંચવા માટે રસ્તો પણ ન હતો ત્યારે સરપંચ સાથે રહીને પહેલાં તો રસ્તાની વ્યવસ્થા માટે કહ્યું. રસ્તો સારો હોય તો કોઇ ગામમાં આવી શકે. પછી કડાછલા ગામમાં ઈન્દુબેન નટવરસિંહ અને ઠાકોર નીતાબેન દશરથસિંહના ઘરે ગઇ. આ બે સભ્ય બેનોના આખા ઘર તણાઈ ગયા હતા. ગામોના ગામો એક ફળિયાનાં તો ૧૦ ઘરો રેતીમાં ગરકાવ થઈ ગયા હતા. ત્યાં તો કોઈ ગણતરી ન હતી કે કેટલા પશુઓ તણાઈ ગયા છે. ૩ ફળિયાના લોકોને નાવડી દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. એ લોકોનું કંઈ પણ રહ્યું ન હતું. ગાયો, ભેંસો, બાઈકો વગેરે બધું તણાઈ ગયું હતું.

મારૂ નામ પરમાર પ્રિયંકાબહેન જશવંતસિંહ છે. હું પાણેજ ગામની રહેવાસી છું. ૧૦ જુલાઇના રોજ પાણેજ ગામમાં પૂર આવ્યું. રવિવારના દિવસે ૧-૩૦ વાગ્યાથી રાત્રે ૩ વાગ્યા સુધી મારા ઘરમાં ૧૫ ઇંચ પાણી હતું. મારો ઘરવખરીનો તમામ

સામાન તણાઇ ગયો. ઘરમાં ૧૨ મણ ચોખા, ૫૦ મણ ઘઉં, ૪૦ કિલો તુવેરની દાળ વગેરે તણાઇ ગયું. મારા ગામમાં ૩૦ પશુ મરી ગયા અને ૩૫ તણાઇ ગયા. એમાં મારી એક ગાય પણ તણાઇ ગઇ. બીજા દિવસે મને જાણ થઈ કે મારી ગાય તો મરી ગઈ છે. મારા ગામમાં એક વાર પાણી ભરાઇ જાય તો બહાર જવાનો રસ્તો રહેતો નથી. મારા ઘરના સાત લોકો સાદલી પર હતા. રાત્રે ૧૧ વાગ્યે નાવડીઓ બચાવવા આવી. ગામના રસ્તા સાંકડા ને વૃક્ષો પણ ધરાશાયી એટલે નાવડીઓથી લોકોને બહાર કાઢી શકાય તેમ નહોતું.



**અતિશય વરસાદે તારાજી સર્જી**

પશુઓનો ઘાસચારો પણ તણાઇ ગયો. ખેતરો તો રેતીના બેટમાં ફેરવાઇ ગયા. ગામના ખેડૂતોના ખેતરમાં પૂરણ પડી ગયા છે. મોંઘા બિયારણ પાછળ કરેલો ખર્ચો પાણીમાં વહી ગયો. કપાસના પાકને નુકસાન થયું. આ વર્ષે ખેતીમાં કોઇ પાક નહિ લઇ શકાય. પહેલી વાર આટલું બધું પાણી ગામમાં આવ્યું અને ઘરોમાં પણ ભરાઈ ગયું. અમારા જૂના ઘરોમાં કોઈ પણ વાર પાણી નથી ભરાતું. સૌથી ઊંચા અને સૌથી જૂના ઘરો છે. ૨૨૫ વર્ષ જૂના ઘરો છે. સવારે પૂરનું પાણી ઉતરી ગયું ત્યારે પછી અમારા ગામની પરિસ્થિતિ જોવા માટે ધારાસભ્ય, ટીડીઓ, મીડીયાવાળા આજુ-બાજુ ગામના લોકો વગેરે આવ્યાં હતાં. અમારા ગામમાં ૧૦ દિવસ સુધી બહારથી જમવાનું સાંજ-સવાર નાસ્તો, પાણી માટે દિવસના ૨ થી ૩ ટેન્કર આવે. આજુ-બાજુના ગોમાંથી કીટો પણ ઘણી મળી છે. કીટોમાં ઘરના રસોડાનો બધો સામાન કપડાં, ચાદરો, તાડપતરી વગેરે કીટ વિતરણો કરી છે અને ઘર વખરીનો સામાન તણાઈ ગયું હોય છે. તો તેના માટે ફોર્મ પણ ભર્યા છે. આજુ-બાજુના ગામમાંથી લોકોએ અમને બહુ સહાય કરી છે. પશુઓ માટે પણ સૂકો ઘાસચારો પણ આજુબાજુના ગામડાવાળા આવીને પશુને ખવડાવી જાય છે. ગાયત્રી પરિવાર તરફથી સ્કૂલના બાળકોને બેગ, ચોપડા, પાઉચ વગેરે આપવામાં આવ્યું છે. અમારા 'સુખી' (સુકી નામની નદી પરથી 'સુખી સેવા' નામ પાડેલું છે. સેવા મહિલા મંડળમાંથી પણ કીટ આપવામાં આવી છે. એ કીટ એવી છે

કે એમાં રસોડાનો સામાન બધો છે અને લાઈટ ના હોય તો પણ તેના માટે બત્તી આપવામાં આવી. આથી અમારી ‘સેવા’નો પણ અમારા ગામના લોકો ખૂબ આભાર માને છે.

મારા ઘરના સભ્યોના ડોક્યુમેન્ટ પણ બધા તણાઈ ગયા હતા. એક પેટીમાં હતા. આખી તણાઈ ગઈ હતી પણ એ વૃક્ષોના કારણે એક વૃક્ષમાં ફસાઈ ગઈ હતી. ડોક્યુમેન્ટ મળી ગયા પણ બધા પલળી ગયા હતા. હું શનિવારે જ બત્તી લઈ ગઈ હતી અને રવિવારે પૂર આવ્યું અમે અને મારા ઘરના બધા સભ્યો સેવામાંથી આગલા દિવસે લીધેલી હતી. અમે આખી રાત એ દિવસે અંધારી રાતે અમને બત્તી બહુ કામ આવી છે. હું ‘સેવા’નો પણ ખૂબ આભાર માનું છું. અમારા ગામમાં ઘણા બધા જોડે સોલર બત્તી હતી એ લોકોને બહુ કામ આવી. અમારા ગામ ૫ દિવસ લાઈટ ન હતી. ‘સુખી સેવા’માંથી અમારા આખા ગામમાં કિટ વિતરણમાં સોલર બત્તીઓ આપી છે તેનાથી અમારા ગામના લોકો બહુ જ ખુશ છે. જે બહેનો બચત નથી કરતા સભ્ય નથી એ પણ સેવાના સભ્ય બનવા માટે કહે છે.

મારું નામ લીલાબેન છે. હું, છોટાઉદેપુર જિલ્લાના ‘સુખી’ મહિલા સેવા મંડળ, બોડેલીમાં ૨૩ વર્ષથી ‘ખેતીઝૂંબેશ’માં છું.

કહેવાય છે કે, પાણી એ મનુષ્ય જીવન માટે એક અમૂલ્ય ભેટ છે. પાણી વિના જીવન, સૃષ્ટિ, પૃથ્વી, વન્યજીવન શક્ય જ નથી. કુદરત ની આ રમણીય અમૂલ્ય ભેટ ખૂબ અનોખી છે. પરંતુ, જયારે દરિયામાં પાણી પોતાનો વેગ બદલે ત્યારે શું થશે? કાંઈ કહી શકાય નહીં. એવું જ કંઈક બન્યું છોટાઉદેપુર જિલ્લામાં.

મારું રહેઠાણ બોડેલી, અલીપુરા વિસ્તારમાં છે અને તાઃ- ૧૦/૦૭/૨૨ ના રોજ મારો અનુભવ મુશ્કેલ ભરેલો રહ્યો. ૯ તારીખ ના રોજ સમી સાંજનો વરસાદ ચાલુ થઈ ગયેલ હતો. ચોમાસાની શરૂઆતના હિસાબે હું અને મારા પરિવારજનોને આ વરસાદ અનુકૂળ લાગ્યો. આખી રાત્રી દરમિયાન વરસાદ ઓછાવધતાં પ્રમાણમાં વરસતો હતો અને સવારે સાત વાગ્યાંથી વરસાદનું પ્રમાણ વધ્યું અને દસ વાગ્યાંથી લઈને બપોરના ત્રણ વાગ્યા સુધી મુશળધાર વરસ્યો. એવા અરસામાં સવારના બાર વાગ્યાની આસપાસ આચનક ઘરમાં પાણી ભરાવાનું શરું થયું, પાણી ઘરની બંને બાજુ એટલે કે આગળ-પાછળથી આવવા લાગ્યું. આવી પરિસ્થિતિમાં મારા ઘરમાં ૨૫ ફૂટ ઊંડો કૂવો છે જે આગાઉ ના વર્ષોમાં વરસાદ અનિયમિત હોવાના કારણે પાણીનું તળ એકદમ નીચું હતું એટલે મેં કુવાનું ઢાંકણ ખોલી અને પહેલું પાણી કુવામાં જવા દીધું. પણ, પાણીની સપાટી વધતી જતી હતી માત્ર દસ જ મિનિટમાં તો કૂવો ભરાઇ ગયો! એજ અરસામાં મેં તિજોરી ખોલી ફટાફટ મારી એક પેટીમાં મુકેલા જરૂરી કાગળો છાજલી પર મૂકી દીધા. પાણી વધતાં જતાં ઘરમાં ઘૂંટણ સમા પાણી આખો દિવસ રહ્યું. આ પરિસ્થિતિમાં મને મારા ઘરની, ‘સેવા’ના તથા મારા સભ્યબેહનોની પણ ચિંતા થવા લાગી. પછી ૪ વાગ્યે હું અને પૂર્ણિમાબેન ઓફિસે ગયા, ઓફિસ ખોલી ને જોયું તો ઓફિસનું ભોંયરૂ પાણીથી ભરાઈ ગયું હતું. લાઇટ ન હોવાથી સોલારબત્તી ચાલું કરી નીચે ઉતરવાનો પ્રયાસ કર્યો પરંતુ, અમે પોતે પણ ડૂબી જઈએ એટલુ પાણી હતું... ઓફિસની આજુ બાજુના ઘરોમાં પણ આ પરિસ્થિતિ રાત્રે ૧૦ઃ૩૦ વાગ્યાં સુધી પાણી આવતું જ હતું માટે રાત્રે પણ ડર હતો કે જો પાણી વધશે તો શું થશે? હું અને મારા પરિવારજનો સતત પાણી ને ઘર માંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરતા રહ્યા. જનજીવન તો જાણે ખોરવાઇ ગયું હતું. રાત્રે એક વાંગ્યે પાણી ની સપાટી ધીરે ધીરે ઓછી થતી ગઈ અને સવાર પડતા પાણી નીકળી ગયું. આ વરસાદ આખા દિવસ અને રાત સુધી માં ૨૨ ઈંચ પડ્યો.. ઘર ની આ પરિસ્થિતિ ને જોઈ ને ભૂખ તરસ મટી ગઈ હતી. ઘર ની સાફસફાઈ કરવા માં ૫ દિવસ લાગી ગયા હતા.આ સફાઈ કરવા માં મારા પતિ અને બાળકો ખૂબ મોટો ફાળો રહ્યો... એક દિવસ નો આ અનુભવ ખૂબ મુશ્કેલી ભર્યો રહ્યો. પરંતુ સેવા માં ઘણી બધી તાલીમો લઈને હું મારા પરિવાર ને કહ્યું કે મુશ્કેલી આવે તો ડગી નહિ જવું પણ અને દૂર કેવી રીતે કરી શકીએ તે વિચારીને કામ ને આગળ લઈ જવું તો હું બે દિવસ બાદ ઘરના દરવાજા પર ઈંટની બે ફૂટની પારી અને કુંડીની પણ ઉંચાઈ કરાવી દીધી.. જેથી કરી ને ફરી વરસાદ નું પાણી ના આવી શકે... આ સાથે મને મારા સભ્ય બેનો ની પરિસ્થિતિ ને જાણવી અને જોવી જરૂરી હતી માટે બીજા દિવસ થી બેનો ની પરિસ્થિતિ નું સર્વે ટીમ ના બેનો સાથે રહી ને કરાવ્યું અને સુખી ની ટીમ ‘સેવા’માં જિલ્લાની પરિસ્થિતિ જણાવીને બેનોની આ કપરી પરિસ્થિતિમાં ઘરવખરી અને કપડાંની ગોઠવણ કરી આપી. જે અમે ગામોમાં બેનો સુધી પહોંચાડી. જેમાં, પાણેજ ગામના રમીલાબેન જવાહરલાલનું કહેવું હતું કે, આ કુદરતી આફત આવી જેમાં અમારા ગામોમાં ઘણાબધા ટ્રસ્ટો, આજુબાજુના ગામોના આગેવાનો, સરકારના અધિકારીઓ આવીને કંઈક ને કંઈક સહાય આપી પણ, ‘સેવા’માંથી બેનોએ સર્વે કર્યો અને અમને કપડાં અને ખાવાની દરેક વસ્તુ આપી જેવી કે, ઘઉંનો લોટ, તેલ, ચા-ખાંડ, મરચું, મીઠું, હળદર, રાય, જીરું, મગદાળ, ચોખા, ચણા અને સાથે સોલારબત્તી પણ આપી... જે ખરેખર ખૂબ ઉપયોગી રહી કારણ કે, ગામોમાં આવા વાતાવરણના કારણે લાઈટનું આવવા જવાનું પ્રમાણ વધતું હોવાથી આ બત્તી ઉપયોગમાં

આવી. સાથે-સાથે ‘સેવા’ના ‘હરખી’ના કુર્તા તેમજ વણાટની સાડી મળી જેમાં, અમને અને અમારી દીકરીઓને ખરા સમયમાં કામ લાગ્યું. અને આનાથી આપણાં સભ્ય બેનોને પણ આ રોજગારીની તક મળી.

આવી જ રીતે બીજા ગામોના આગેવાન બેનો દ્વારા આજ રીતે સાંભળવા મળ્યું. આ પરિસ્થિતિને જાણવા રીમાબેને સંગઠકો અને આગેવાનો સાથે મીટીંગ કરી અને ગામોમાં પુર ગ્રસ્ત બેનોને મળ્યા અને થોડા થોડા વર્ષોના અંતરે પુરનું અચાનક જોખમ આવ્યા કરે છે તો આવા સમયે આપણે નદી કિનારાના ખેતરોનું ધોવાણ થાય અને ગામોમાં પાણી આવી જાય છે, તો આપણે બધા બેનોનું સંગઠન કરી ગ્રામસભામાં રજૂઆત કરવી કે સંરક્ષણ દીવાલ બને અને નદીના વેણને મોટી નદી તરફ વાળવો જેથી કરીને આપણે સહી સલામત રહી શકીએ અને બીજું એ પણ થઈ શકે કે આપણે સ્થળાંતરની માંગણી પણ મૂકી શકીએ. આ રીતે બેનોને સમજાવવામાં આવ્યું... અને આ રીતે પુર ગ્રત ૧૩ ગામોમાં ૧૫૦૦ કીટ વિતરણ કરી.

બસ એજ પ્રાર્થના... મનુષ્યને જ કે કુદરતને રમણીય રાખે, કુદરતનો આદર કરે, ટેક્નોલૉજી સાથે ચાલે પરંતુ કુદરતને પાછળ મૂકીને નહીં સાથે લઈ ને ચાલે, લીલાબેન.

## ગાંધીનગર જિલ્લામાં વરસાદની પરિસ્થિતિ....

આ વર્ષે વરસાદ સરેરાશ કરતાં પણ વધારે પડ્યો છે. શહેરમાં પાણી ભરાય તો ઉતરી જાય, પણ આજે આપણે વાત ગાંધીનગર જિલ્લાના ગામડાંની કરવાની છે. વરસાદની કાગડોળે રાહ ખેડૂતો જોતા હોય. વરસાદ વહેલો આવે તો આફત, મોડો આવે તો ખાવાનાં સાંસા. ખેડૂત માટે ખેતી, પશુ અને ગામ જ તેની સંપત્તિ હોય. વરસાદ આ ત્રણેયને સારી ને નરસી બંને રીતે અસર કરે છે.

તો વાત કરીએ દહેગામ તાલુકાના કોઠી બારડોલી ગામની. અમદાવાદથી ૫૦થી ૫૫ કિ.મી.ના અંતરે સ્થિત. આગેવાન ખેતમજૂર રોશનબહેન કહે છે કે, અમારા બારડોલી ગામમાં આવવાનો રસ્તો હરસોલી અને બારડોલી વચ્ચે નદી છે. દર વર્ષે ચોમાસામાં વરસાદ આવે એટલે નદીવાળો રસ્તો બંધ. વરસાદની પહેલી પળોજણ. હાથીજણ પાલુંદ્રા થઈને રસ્તો પડે. ગામ અંતરિયાળ. એસ.ટી. બસ તો ક્યારેક જ જોવા મળે. રિક્ષાવાળાને એટલે ઘી – કેળાં. વરસાદ આવે એટલે ગામમાં અવરજવરની માથાકૂટ.

ખેતીની વાત કરીએ તો કપાસના પાકમાં ૫૦ ટકાથી વધારે નુકસાન છે. મોટાભાગના કપાસના પાન પીળા પડી ગયા છે. ખેતરમાં તો પાણી જ પાણી. અમુક ખેતરમાં તો જવાના રસ્તા પણ બંધ. પાણી ભરાઈ જાય એટલે પશુઓનો ઘાસચારો સડી જાય. ગામમાં બિમારીઓનો ઉપદ્રવ તો ના પૂછો વાત. ગામને બિમારીઓ ઘેરી વળે. શરદી- ઉધરસ, તાવ તો ઘેર ઘેર હોય. ગામમાં આ વર્ષે ખેતરો પડતર જ પડી રહ્યાં. વરસાદ વહેલો આવ્યો એટલે ખેતરો ખેડ્યા વિનાના જ રહી ગયા છે. ખેતરો પાણીમાં ગરકાવ. ખેતીમાં વરસાદની ભૂમિકા સૌથી અગત્યની.

વાત કરીએ દહેગામ તાલુકાના પાટો ગામની. આગેવાન ખેતમજૂર મીનાબહેન કહે છે કે, મગફળી અને બાજરીના પાકને નુકસાન થયું છે. મોટાભાગના ખેડૂતોને નુકસાન જ નુકસાન છે. વસ્તી ૪૦૦ થી ૫૦૦ની છે. તેમાંય આવકના નામે મીંડું. વધારે વરસાદને કારણે ૪-૫ ઢોર મૃત્યુ પામ્યા. બિમારીઓને કારણે પશુઓ દૂધ ઓછું આપે છે. તેથી બહેનોની આવકમાં ઘટાડો થાય છે. રસ્તા કાચા છે એટલે કાદવ કિચડ વધારે થાય. એ જ કાદવ કિચડમાં બાળકો રમે એટલે બિમારીઓ તેમને પણ આવે. ગામમાં ઘરની નજીક અને ગામની ભાગોળે ઉકરડા હોય. તેમાં વરસાદને કારણે ગંદકી થાય. વરસાદને કારણે એ જ ગંદકી ગામમાં ફેલાય. મોટાભાગના ગામની પરિસ્થિત આવી છે.

રસ્તાથી માંડીને ખેતર, ખેતી, ગામની પરિસ્થિતિ બધે આવી જ છે. આ વર્ષે વધુ વરસાદને કારણે ખેતીમાં નુકસાન, ગામમાં લોકો અને પશુઓ બિમાર, ગામમાં રસ્તાઓ ઠપ. આવકમાં ઘટાડો... કોઈપણ અણધારી આફત આવે તો છેલ્લે શ્રમજીવી બહેનો તેનો ભોગ બને છે.

**– ગાંધીનગર જિલ્લો**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
22-7, 6-8-22

# વરસાદ સમિતિમાં ચર્ચા

## "અમારે ઘર તો ચલાવવું કે કેમ?" હિરાબા

આ વખતે ધંધા સમિતિમાં વરસાદની માહિતી લીધી. હાલીસા ગામના હીરાબા કહે છે કે મારા ગામમાં વરસાદની શરૂઆત થઇ પણ તેની અસરની વાત કરીએ તો વરસાદની શરૂઆતે ગામમાં કાદવ – કિચડ થઇ જાય. તેના કારણે મચ્છરો પડે. આ જ મચ્છરો ગામમાં બિમારી લાવે. શરૂઆત ઢોરાથી થાય. આ મચ્છરો ભેંસોના આંચળ પર બેસે ને તેને કરડે. આંચળમાં ગાંઠો થઇ જાય. મૂગું પશુ શું બોલે? અંદર તો તકલીફ વધ્યે જ જાય. જેથી ભેંસ દૂધ ઓછું આપે. પશુઓને બાંધવા માટે ગમાણ ના હોય. ખુલ્લામાં બાંધીએ. અમારા પાહે તો ઢોરને હાચવવા છાપરૂ ના હોય. પશુઓ વરસાદના પલળે, માંદા થાય. ભેંસ પલળે એટલે આંચળ ઠંડા પડી જાય. દૂધ નીકળે જ નહિ. પશુને પણ તકલીફ પડે. અમારા ગામની બહેનોની દૂધની આવક ઓછી થઇ જાય. બધે જ આવું થતું હશે.

મચ્છરો ઓછા કરવા માટે સરકારી દવાખાનામાંથી દવા છાંટવાનું કામ ચાલુ છે.

પહેલો વરસાદ પડે એટલે જે ઘાસ પલળી જાય તે ઘાસ જો ભૂલેચૂકે ભેંસ ખાઇ જાય તો તે ઉંધ્યા જ કરે. તેને મેણ (ઘેન) ચડે. તે દૂધ પણ નકામું. તે ઝેરી થઇ જાય. પીવાના કામમાં ન આવે. પહેલા વરસાદમાં આ વાતનું ખાસ ધ્યાન રાખવું પડે.

વરસાદને કારણે ઘાસચારામાં કોહવાટ આવે. પલળેલું, કાદવવાળું ઘાસ

ઘાસચારામાં લેવાય નહિ. તેને ખોદીને ફેંકવું જ પડે. મોલો મચ્છી ઘાસચારામાં પડે. સતત બે–ત્રણ દિવસ વરસાદ પડે તો ઘાસચારો લાવવો ક્યાંથી?

ખેતરમાં કેવી રીતે જાય? પોતાનું ખેતર હોય કે મજૂરી કરવા જવાનું પણ, આટલા વરસાદમાં ચ્યો જવાય? પાક તો પોણીમાં જ ડૂબી જાય.

વરસાદના પાણીમાં બાળકો પલળે, જેના કારણે બાળકોના પગ કોહવાઇ જાય, પગમાં ચાંદા પડી જાય. સરકારી દવાખાનેથી દવા લાઇએ. પાણી લાગે એટલે ચામડીના રોગ પણ થાય.

અણધારી આફતો તો અમારે વેઠવી પડે. અમ રહ્યાં ગરીબ. અમારે ઘર તો ચલાવવું કે કેમ?

- **અનિતા**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-7, 6-8-2022

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001